છઠ્ઠા પગાર પંચ અન્વયે કર્મચારીઓ / અધિકારીઓને મળવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતના વર્ષ ૨૦૧૨-૧૩માં ચુકવવાપાત્ર ચોથા હપ્તા (૨૦%) ની રકમ રોકડમાં ચુકવવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૦૯-૭૨-પગાર એકમ(મ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૫-૦૫-૨૦૧૨

સંદર્ભ કઃ નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯નો ઠરાવ
ક્ર: પગર-૧૦૦૯-૩-પગાર એકમ(મ)

**આમુખઃ**

રાજય સરકાર દ્વારા કેન્દ્રિય છઠ્ઠા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરીને રાજયના કર્મચારીઓને ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ હેઠળ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણાં વિભાગના તા. ૨૦-૩-૨૦૦૯ના ઠરાવથી કર્મચારીઓને મળવાપાત્ર પગાર તફાવતની રકમ પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી બાદ, દર વર્ષે ૨૦% પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં પાંચ વર્ષના લોક ઈન પીરીયડ સાથે જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. તે અનુસાર વર્ષ ૨૦૧૨-૧૩માં પગાર તફાવતનો ચોથો હપ્તો કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો થાય છે. રાજયના વિવિધ કર્મચારી મંડળો / મહામંડળો દ્વારા ચોથા હપ્તાની રકમ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા નહીં કરતાં રોકડમાં ચુકવવાની માંગણી કરવામાં આવેલ હતી. આ માંગણીઓ સંદર્ભે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

## **ઠરાવ**

(૧) કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચ હેઠળ થયેલ પગાર સુધારણા અન્વયે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ચુકવવાપાત્ર પગાર-ભથ્થાના તફાવતની ચોથા હપ્તાની (૨૦%) રકમ, સામાનય ભવિષ્ય નિધિ ખાતાને બદલે રોકડમાં ચુકવવાની આથી મંજુરી આપવામાં આવે છે. જે કર્મચારીઓ મળવાપાત્ર હપ્તાની રકમ સ્વૈચ્છાએ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવા માંગતા હશે તેઓ તે મુજબનો વિકલ્પ આપી શકશે. જે કર્મચારીઓ હપ્તાની રકમ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો વિકલ્પ આપે તેમને નાણા વિભાગના તા. ૨૦-૩-૨૦૦૯ના ઠરાવની જોગવાઈ અનુસાર જમા થયેલ રકમ ઉપર ૧લી એપ્રિલ, ૨૦૧૨ થી વ્યાજ મળવાપાત્ર થશે.

(૨) જે કર્મચારી / અધિકારીઓની પગાર બાંધણીની ચકાસણી થયેલ નથી તેવા કર્મચારી / અધિકારીઓને, તેમની પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે રકમ, કર્મચારી / અધિકારીને ચુકવવાપાત્ર પગાર-ભથ્થાં કે હવે પછી ચુકવવાપાત્ર થતાં તફાવતની રકમના હપ્તાની ચુકવણી વખતે સરભર કરવાની શરતે ચુકવવાપાત્ર ચોથા હપ્તાની રકમની ચુકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૩) CPF/NPS ખાતા ધરાવતા કર્મચારીઓને ચુકવવાપાત્ર ચોથા હપ્તાની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

પાછળ

(૪) કર્મચારીએ રાજીનામું આપેલ હોય તો તેવા કેસમાં, કર્મચારીનાં સામાન્ય ભવિષ્ય નિધિ ખાતાં કે પેન્શન ખાતાનું અસ્તિત્વ ન રહેતું હોઈ, તેવા કર્મચારીને ચુકવવાપાત્ર પગાર-ભથ્થાનાં તફાવતની રકમ એક સાથે રોકડમાં ચુકવવાની રહેશે.

(૫) રાજયના બોર્ડ/નિગમો/યુનિવર્સિટીઓ અને અન્ય સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓ જેમને સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને પણ પગાર સુધારણા મંજુર કરતાં હુકમોની શરતો અનુસાર ચોથા હપ્તાની રકમ ચુકવવાની રહેશે.

(૬) તા.૦૧-૦૧-૨૦૦૬ બાદ નિવૃત્ત થયેલ કર્મચારીઓને ચુકવવાપાત્ર થતા પગાર-ભથ્થાં (તા. ૦૧/૦૧/૨૦૦૬ થી નિવૃત્તી તારીખ/ તા.૩૧/૩/૨૦૦૯ સુધીના)ના તફાવતના ચોથા હપ્તાની રકમ તેમના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.

આ નિર્ણય સંદર્ભે સર્વે કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરી તફાવતની રકમનો ચોથો હપ્તો (૨૦%) ચુકવવાની તથા પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે કર્મચારીને મળવાપાત્ર પગાર-ભથ્થાં કે ભવિષ્યમાં ચુકવવા પાત્ર હપ્તાની ચુકવણી સામે સરભર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ.ડી.સેઈલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

---

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૬૫૪૬અ૬૬૦૦/૧૨

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક વિભાગ
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
તારીખ: **૧૮ / ૦૫ / ૨૦૧૨.**

નોંધ:- નીચેની સુચના સહ ઠરાવ યુનિવર્સિટીમાં અમલ માટે પરિપત્રિત કરવામાં આવે છે.

૧: ઉપરોકત એરીયર્સના બીલો સત્વરે સંબંધીત તિજોરી ખાતે રજુ કરી દેવાના રહેશે.

૨: જે કર્મચારીઓ ઉપરોકત ચોથા હપ્તાની રકમ તેમના પીએફ ખાતામાં જમા કરાવવા ઈચ્છતા હોય તો તેમણે તે અંગેનો વિકલ્પ કર્મચારી પાસેથી તાત્કાલીક મેળવી લેવાનો રહેશે.

<u>નકલ સવિનય રવાના:</u>

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

<u>નકલ રવાના:</u>

૧: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

૨: વહીવટી વ હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.
૨/- ના.સરકારશ્રીને જયારે જરૂર પડે ત્યારે ખર્ચના આકડા મોકલવા માટે ૨૦% એરીયર્સના બીલોનું રજીસ્ટર નિભાવવું.

૩: હિસાબી અધિકારીશ્રી (પી.એફ.) અત્રેની કચેરીમાં
૨/- સદરહું ચોથા હપ્તાની જમા થયેલ રકમ ઉપર તા. ૦૧/૦૪/૨૦૧૨ થી વ્યાજ આપવા જણાવવામાં આવે છે.

૩: હિસાબી અધિકારી(કેશ), નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી.

૪: હિસાબી અધિકારી,સંશોધન વૈજ્ઞાનિકશ્રી(કપાસ) ની કચેરી, કપાસ સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, અઠવા લાઈન્સ,સુરત.

૫: હિસાબ નિયામક વિભાગની તમામ શાખાઓ

૬: ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઓનલાઈન ફોરવર્ડ કરવા માટે...

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક

એજી/૧૭૦૫૨૦૧૨/